**ઈસ્લામને ફૈલવા માટે કોઈ તલવારની જરૂર નથી ઈસ્લામને ફૈલવા માટે તે લોકોની જરૂર છે જેમનો ખુદાતઆલા પર સંપૂર્ણ યકીન અને ઈમાન હોય તથા તેમની ઈબાદતના ધોરણો ઉંચા હોય ઈસ્લામને ફૈલવા માટે તે લોકોની જરૂર છે જે હત્યાઓ અને લૂંટમાર કરવાને બદલે પોતાના નફસોની વિરૂધ્ધ જેહાદ કરીને પોતાની હાલતોને સુધારનાર હોય.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૨૦- નવેમ્બર ૨૦૧૫, સ્થળ : મસ્જીદ બૈતુલ અહદ-જાપાન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

આ તે લોકો છે જેમને અમે આ ધરતીમાં સત્તા આપીએ તો તેઓ નમાઝ કાયમ કરશે અને ઝકાત આપશે અને નેકીની નસીહત આપશે અને બદીઓથી રોકતા રહેશે. બેશક પ્રત્યેક બાબતનો અંજામ અલ્લાહના અધિકારમાં છે. (અલહજ)

અલહમ્દો લિલ્લાહ આજે જમાઅત અહેમદીયા જાપાનને પોતાની પ્રથમ મસ્જિદ બનાવવાની તૌફીક મળી છે. અલ્લાહતઆલા તેના નિર્માણને પ્રત્યેક રીતે બરકતી બનાવે અને આપ લોકો આ મકસદને પૂર્ણ કરનાર બનો જે મસ્જિદ બનાવવાનો મકસદ છે. માત્ર મસ્જિદ બનાવવી કોઈ એવી વાત નથી કે આપણે કહી શકીયે કે જાપાનમાં આવવાનો આપણો મકસદ પૂરો થઈ ગયો છે આપણો મકસદ તો ત્યારે પૂરો થશે જ્યારે આપણે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની બૈઅતમાં આવવાના મકસદને હાંસેલ કરવાની કોશિશ કરીશું અને તે મકસદ એ છે કે આપણો ખુદાતઆલા સાથે તાલુક પૈદા થાય અને આપણે તેની ઈબાદતનો હક અદા કરનાર બનીએ આપણે તેની માનવજાતિનો હક અદા કરનાર બનીએ અને આપણે પોતાની અમલી હાલતો તરફ જોતા તેના ઉંચા ધોરણ હાંસેલ કરનાર બનીએ આપણે ઈસ્લામના સુંદર પૈગામને તેની સુંદર તાલીમને આ કોમના પ્રત્યેક વ્યકિત સુધી પહોંચાડનાર બનીએ જ્યારે જાપાનને ધાર્મિક સ્વતંત્રતા મળી અને જાપાનીઓને પણ ધર્મ તરફ રૂચિ પૈદા થઈ તો ઈસ્લામ તરફ પણ ધ્યાન પૈદા થયો જ્યારે આ વાત હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના જ્ઞાનમાં લાવી તો આપએ જાપાનીઓ સુધી વાસ્તવિક ઈસ્લામ પહોચાડવાની ખ્વાહેશ ખુબ તેજી થી જાહેર કરી ફરમાવ્યું કે બીજા મુસ્લીમો તો વહ્ી નો દરવાજો બંધ કરીને પોતાનો ધર્મ કરીને પોતાનો ધર્મ મુર્દાની જેમ બનાવી ચુકયા છે આપએ ખુબ દુ:ખ સાથે ફરમાવ્યું કે બીજા મુસ્લીમો માત્ર પોતાના ઉપર જ જુલમ નથી કરતા આ વાત કહીને વહ્ીનો દરવાજો બંધ થઈ ગયો બલ્કે બીજાને પણ પોતાના અકીદાઓ અને ખરાબ અમલો દેખાડીને ઈસ્લામમાં દાખલ થવાથી રોકે છે તેમની પાસે કયો હથિયાર છે જેનાથી બીજા ધર્મને ખતમ કરવા ચાહે છે આપએ પોતાના માનનારને કહ્યું કે આ જમાઅતમાં અમુક વ્યકિત આ કાર્ય માટે તૈયાર કરવામાં આવે જે યોગ્ય અને બહાદુર હોય પછી આપએ જાપાનીઓમાં પ્રચાર માટે પુસ્તક લખવાની ખ્વાહેશ પણ જાહેર કરી.

આપ અ.સ. જે રીતે આંહઝરત (સ.અ.વ.) ના અનુસરણમાં આપ સ.અ.વ.ના પૈગામ ને દુનિયામાં ફૈલાવવા આવ્યા હતા. જાપાન પણ તેનાથી બહાર નથી ટાપુઓ પણ આનાથી બહાર નથી અને બાકી દુનિયા પણ આનાથી બહાર નથી. આ અલ્લાહતઆલાનો ફઝલ તથા અહેસાન છે કે આપ લોકોને આ દેશમાં આવવાનો મોકો મળ્યો. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) તો આ વાત પર દુ:ખ વ્યકત કરે છે કે બીજા મુસ્લીમોએ જાપાનમાં ઈસ્લામને શું ફેલાવવું છે કે આ લોકો તો અલ્લાહ તઆલાના

કલામ તથા વહીનો દરવાજો બંધ કરીને ઈસ્લામને મુર્દા ધર્મ બનાવી ચુક્યા છે અને જાપાનીઓને અથવા દુનિયામાં કોઈ પણ દેશમાં રહેનારને મુર્દા ધર્મની શું જરૂર છે આપ ફરમાવે છે આ તો તમે લોકો છો જે ઈસ્લામને જીવિત હોવાનો સબૂત આપી શકો છો અને તેની ખુબિઓ દુનિયાને બતાવી શકો છો. જ્યારે અલ્લાહ તઆલાથી તાલુકના માર્ગો બંધ કરી દીધા તો મુસ્લીમો અને બીજા ધર્મોને માનનારમાં શું ફરક રહી ગયો જો ઈસ્લામની શ્રેષ્ઠતા દુનિયા પર સાબિત કરવી છે તો પછી અલ્લાહ તઆલાથી જીવિત તાલુક પૈદા કરીને સાબિત કરી શકાય છે. દુનિયાને બતાવીને આ શ્રેષ્ઠતા સાબિત કરી શકાય છે કે ઈસ્લામનો ખુદા હજુ પણ તેનાથી વાત કરે છે જેનાથી તે કરે છે પ્રેમ. માટે આ શ્રેષ્ઠતા સાબિત કરવા માટે પ્રત્યેકને અલ્લાહતઆલાથી તાલુક જોડવાની જરૂર છે ઈસ્લામને ફૈલવા માટે કોઈ તલવારની જરૂર નથી ઈસ્લામને ફૈલવા માટે તે લોકોની જરૂર છે જેમનો ખુદાતઆલા પર સંપૂર્ણ યકીન અને ઈમાન હોય તથા તેમના ઈબાદતના ધોરણ ઉંચા હોય ઈસ્લામને ફેલવા માટે તે લોકોની જરૂર છે જે હત્યાઓ અને લુંટમાર કરવાને બદલે પોતાના નફસોની વિરૂધ્ધ જેહાદ કરીને પોતાની હાલતોને સુધારનાર હોય. માટે આ પ્રમાણે પણ આજે અહેમદીઓ પર ખુબ મોટી જીમ્મેદારી છે કે જ્યાં પોતાની ઈબાદતોના ધોરણો વધારે ત્યાં ઈસ્લામની સુંદર તાલીમ સાથે બીજાને પ્રચાર કરે.

આ મસ્જીદ જે બનાવી છે તો તેનો હક અદા કરે આ હક અદા કરવા માટે તેને પાંચ વકત આબાદ કરે. તેનો હક અદા કરવા માટે પોતાની ઈબાદતોના ધોરણો ઉંચા કરે તેનો હક અદા કરવા માટે પોતાની અમલી હાલતોનું નિરીક્ષણ કરે તેનો હક અદા કરવા માટે પ્રચારના મેદાનમાં તેજી પૈદા કરે. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ એક સ્થાને ફરમાવ્યું કે જ્યાં ઈસ્લામનો પરિચય કરાવવો હોય ત્યાં મસ્જીદ બનાવી દો તો પ્રચારના માર્ગો અને પરિચયના માર્ગો ખુલતા જશે માટે આ મસ્જીદ તમારા પર જીમ્મેદારી નાખી રહી છે કે જ્યાં ઈબાદતોના ધોરણો ઉંચા કરે ત્યાં પ્રચાર માટે પોતાને તૈયાર કરે. હવે ઉદઘાટન પહેલાં જ મિડીયાએ આ મસ્જીદની ખુબ કવરેજ પણ આપી દીધી છે અને એક શાંતિપ્રિય ઈસ્લામનો પરિચય આ હવાલાથી દેશના લોકો સામે પેશ કર્યા છે માટે પરિચયથી ફાયદો ઉઠાવવો હવે અહિયા રહેનાર દરેક અહેમદીનું કામ છે. જાપાનીઓ માટે મસ્જીદ તો કોઈ નવી વસ્તુ નથી અહીંયા જેવું કે કહેવાય છે કે એક સો જેટલી મસ્જીદો છે તો આપણી આ મસ્જીદના ઉદ્‌ઘાટન ને આટલુ મહત્વ કેમ ? એટલા માટે કે સાધારણ મુસ્લીમથી અલગ ઈસ્લામની છબી આપણે જોઈએ છીએ તે વાસ્તવિક છબી જે આંહઝરત (સ.અ.વ.) એ બતાવી અને આ યુગમાં બતાવવા માટે અલ્લાહ તઆલાએ આપના સાચા ગુલામને મોકલ્યો છે માટે આ છબી બતાવવા માટે આપ લોકોએ પણ પોતાની જીમ્મેદારી અદા કરવી પડશે અને આ જીમ્મેદારી ત્યારે જ અદા થશે જ્યારે અમલી હાલતોના ઉચ્ચ ધોરણોને હાંસેલ કરવાની કોશિશ કરીશું આપસી પ્રેમ, ભાઈચારામાં આગળ વધનાર થઈએ જ્યાં આપણા આકા સ.અ.વ. ની નઝર છે જ્યાં આપના સાચા ગુલામની નઝર છે આપણી નઝર પણ તે તરફ ફેરવી પડશે તેનું વર્ણન આપણને કુરઆન શરીફમાં પણ મળે છે માત્ર આ કહી દેવું કે અલહમ્દો લિલ્લાહ અમોએ યુગના ઈમામને માની લીધો અલહમ્દો લિલ્લાહ અમે અહેમદી છીએ બસ નથી જે આયતને તિલાવત કરી છે જે વાતો તરફ ધ્યાન અપાવ્યું છે આ યુગમાં તેના સંમુખ અહેમદી જ છે કારણકે આપણે જ છીએ જેમણે યુગના ઈમામને માન્યો છે આપણે જ છીએ જેમાં ખિલાફતનો નિઝામ ધર્મની હુકુમત માટે જારી છે એક અહેમદી મુસ્લીમ માટે આ યુગના ઈમામને માનનાર માટે ખિલાફત સાથે સંબધ રાખવાનો દાવો

કરનાર માટે અલ્લાહ તઆલાએ અમુક બુનિયાદી વાતો બયાન ફરમાવી દીધી એક નમાઝોની પાંબદી તરફ ધ્યાન આપો આ બુનિયાદી મકસદ છે આપણી પૈદાઈશનો જો નમાઝોની અદાઈગી નથી જો ઈબાદતો તરફ ધ્યાન નથી તો પછી આ દાવાઓ પણ ખોટા છે કે અમે વાસ્તવિક મુસ્લીમ છીએ. આ દાવો પણ ખોટો કે આપણે દુનિયામાં ક્રાંતિ પૈદા કરીશું આ દાવો પણ ખોટો છે કે અમો એ આંહઝરત (સ.અ.વ.) ના સાચા ગુલામને માની લીધો કેમ કે આપે આગમન નો અસલ મકસદ એક-બીજાનો હક અદા કરવું આ આયતમાં પણ અલ્લાહતઆલા ફરમાવે છે કે અલ્લાહતઆલાના વાસ્તવિક બંદાઓની ખાસિયત એ છેકે તેઓ ખુદાતઆલાથી ડરે છે તેથી ઈબાદત કરનાર છે પોતાની સંપત્તિમાંથી પણ ખુદાતઆલાની ખુશી મેળવવા માટે ઈન્સાનિયતની ભલાઈ માટે ખર્ચ કરનાર છે અમે માત્ર પોતાના જીવનમાંજ નહી બલ્કે પોતાના નમૂનાઓ બતાવીને બીજાને પણ પોતાની સાથે સામેલ કરે છે તેમને પણ બતાવે છે કે જીવનનો ખરો અર્થ શું છે શૈતાનથી કેવી રીતે બચવુ. આપણા પર જે આ અલ્લાહતઆલાનો અહેસાન થયો છે જ્યારે કે બીજા મુસ્લીમો બગડેલ છે. તેમની પાસે કોઈ નથી જે તેમને એક હાથ ઉપર બોલાવે. આપણને તો અલ્લાહતઆલાએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને માનવાની તોફિક આપીને આપ પછી નિઝામે ખિલાફત દ્વારા તે સંમાન આપ્યું છે કે આપણે એક અવાઝ પર ઉઠીએ અને બેસીએ છીએ. સંમાન માત્ર હુકુમત મળવાનો જ નથી બલ્કે એક રોબ ઝાહેર થવાનો પણ છે અને દિલની શાંતિ પણ પૈદા થાય છે ઈન્શા અલ્લાહ તે સમય પણ આવશે જ્યારે હુકુમતો પણ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની ગુલામીમાં આવીને સાચા ઈસ્લામને સમજશે. પરંતુ અત્યારે પણ દુનિયા હવે આપણા તરફ જોવા લાગી છે કે ઈસ્લામની સાચી તાલીમ બતાવો આમ, આ પણ એક જ્ઞાન અને રોબ છે જે હવે દુનિયા પર અલ્લાહતઆલા નાખી રહ્યો છે પરંતુ તેનો ફાયદો ઉઠાવનાર તેજ હશે જે ખુદાતઆલાની વાત તરફ ધ્યાન આપનાર હશે અલ્લાહતઆલા ફરમાવે છે કે આ ફઝલના વારસદાર બનવા માટે નેકીઓ પર કાયમ થઈ જાઓ. અને તેને ફેલાવો અને ખરાબીઓથી બચો અને બીજાને બચાવો જ્યાં સુધી આના પર કાયમ રહેશો આ બુનિયાદી ઉસૂલ ને પકડી રાખશો ત્યાં સુધી ઉન્નતિ કરતા જશો.

માટે પ્રત્યેક અહેમદીએ યાદ રાખવું જોઈએ કે પોતાના અમલોમાં ઉન્નતિ કરતો જાય ત્યારે જ દુનિયાને પોતાના તરફ સંમુખ કરી શકશે અને આજ વસ્તુ પછી આ જ્ઞાનનો પણ હેતુ બનશે જ્યારે હુકુમતો પણ આ વાસ્તવિક તાલીમને અધીન થઈને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની ગુલામીમાં આવશે માટે મોટા મકસદોના પ્રાપ્તિની અલ્લાહતઆલા વાસ્તવિક મુસ્લીમોને ખુશ ખબરી આપી રહ્યો છે પોતાની પૈદાઈશના મકસદને ઓળખો અને પોતાની નફસાની ખ્વાહેશાતને પૂર્ણ કરવાને બદલે ખુદાતઆલાની ખુશી હાંસેલ કરવાની કૌશિશ કરો. આપસમાં પ્રેમ ભાવથી રહો. અને પોતાના માહોલમાં પણ ફેલાવો પોતાની અંદર ખાસ વાત પૈદા કરો જે ખુદાતઆલા આપણાથી ઈચ્છે છે માત્ર મસ્જીદ બનવાથી તે ખાસ વાત પૈદા નથી થઈ જતી, બલ્કે તેના માટે પ્રયત્નો કરવા પડશે તે ખાસ વાતનું વર્ણન ખુદાતઆલાએ એક સ્થાને કુરઆન શરીફ માં ફરમાવ્યું છે તૌબા કરનાર, ઈબાદત કરનાર સ્તુતિ કરનાર, ખુદાના માર્ગમાં મુસાફરી કરનાર, અલ્લાહને નમનાર, નેકીની નસીહત કરનાર, બુરાઈથી રોકનાર અને અલ્લાહની નીમેલી હદોમાં રહેનાર બધા સાચા મોમિન છે અને તુ મોમિનોને ખુશખબરી આપી દે. (તૌબા - ૧૧૨) જેવુ કે ખુદાતઆલા ફરમાવે છે મનુષ્યને વાસ્તવિક મોમિન બનવા માટે પ્રથમ શર્ત છે કે તે તૌબા કરે અર્થાત પોતાના ગુનાહોનું એકરાર કરે અને તેનાથી બચવાનો વાયદો કરે ગુનાહ માત્ર મોટા મોટા ગુનાહ જ નથી બલ્કે નાની-નાની ભુલો જે નિઝામમાં

ખરાબી પૈદા કરે છે તે પણ ગુનોહ બની જાય છે અને જ્યારે આ વાયદા પર કાયમ થઈ જાય તો પછી ખુદાતઆલાની ઈબાદતનો હક અદા કરે એક મોમિનનું કર્તવ્ય છે. અલ્લાહતઆલાની મરજી પ્રમાણે પોતાને ચલાવવું એક મોમિનનું કર્તવ્ય છે અને ખુદાતઆલાની મરજી શું છે જેવું કે પહેલા વર્ણન થઈ ચુક્યુ છે કે ઈન્સાન ખુદાતઆલાની ઈબાદત કરે. ફરમાવ્યું આયત (ઝારિયાત) અને મે જીન્નો તથા ઈન્સાનોને માત્ર મારી ઈબાદત માટે પૈદા કર્યા છે (ઝારીયાત) આમ, ન માલદારો અને કારોબારી લોકો માટે કોઈ ગુંજાઈશ છે કે ઈબાદત થી બહાર હોય ન સાધારણ વ્યકિત અને ગરીબો માટે કોઈ ગુંજાઈશ છે કે ઈબાદતમાં આળસ રાખે.

અલ્લાહતઆલા સામે પોતાનું બધું કુરબાન કરીને પોતાની ઈજ્જત ભુલીને બેપરવાહ થઈને તેના હુકમો પર ચાલીને નિઝામની પાબંદી તરફ ધ્યાન રાખવાની જરૂર છે અને નિઝામ ની આજ્ઞાપાલન પણ એટલા માટે કે અલ્લાહતઆલાનો હુકમ છે એ કરવુ પણ અલ્લાહતઆલાની નિકટતા આપે છે અને સજદાઓ તેની નિકટતા મેળવવા માટે થાય. અને તે સમયે થાય છે જ્યારે ઈન્સાનમાં વિનમ્રતા પૈદા થાય છે તેની શોધ કરવી જોઈએ. માટે જ્યારે આ વિનમ્રતાના સજદાઓની તોફીક આપણને મળી જાય ખુદાતઆલાની નિકટતા મેળવવાની ખુબ કોશિશ તરફ ધ્યાન થાય તો પછી પોતાની તમામ યોગ્યતા પ્રમાણે બીજાને પણ નેક વાતોની દીક્ષા આપીને ખુદાતઆલાની નિકટ લાવો. પછી પ્રચાર તરફ ધ્યાન આપો બીજાને પણ જે દુનિયામાં વહી ગયા છે તેમને ખુદાતઆલા સાથે નમનાર બનાવે બીજાને પણ ગુનાહોમાં ડુબવાથી અને આગમાં પડવાથી બચાવે આજે પ્રત્યેક અહેમદીનું આ કાર્ય છે આપણી જીમ્મેદારી છે કે દુનિયાને ખુદાતઆલાની નારાઝગીથી બચાવીએ અને પછી એ પણ યાદ રાખે કે અલ્લાહતઆલા ફરમાવે છે કે વાસ્તવિક મોમિન અલ્લાહતઆલાની હદોની સુરક્ષા કરનાર છે આ વાતો પર નઝર રાખે અને તેની હિફાઝત કરે અર્થાત તેના પર અમલની પુરી પાબંદીની સાથે કોશિશ કરે. જે અલ્લાહતઆલાએ બતાવી છે વાતો જે કુરઆન શરીફમાં બયાન થઈ છે તે વાતોની હિફાઝત કરવુ પણ કાર્ય છે અલ્લાહ અને તેના રસુલએ બતાવી છે તે વાતો પર પણ ધ્યાન આપે તેને સાંભળે અને અમલ કરવાની કોશિશ કરે જે ખલિફાએ વકત તરફથી આપને કહેવામાં આવે છે પોતાના ઈમાન અને અમલની હિફાઝત કરે. આ યુગમાં અલ્લાહતઆલાએ ખિલાફતના ઈનામથી આપણને સંમાનિત કર્યા છે તેની કદર કરો કે અલ્લાહતઆલાએ ધર્મના સંમાન માટે આ જરૂરી વસ્તુ કરાર આપી છે અને તેનાથી મોમિનને ખુશખબરી આપી છે જે આ તમામ વાતો પર અમલ કરનાર છે માટે પોતાનું નિરિક્ષણ કરે અને તે લોકોમાં સામેલ થાઓ જેમને સાચા મોમિન હોવાની ખુદાતઆલાએ ખુશખબરી આપી છે અલ્લાહતઆલાનો આ અહેસાન છે કે તેણે આ યુગની નવી શોધને પણ આપણી અધીન કરી દીધી છે જમાઅત અહેમદીયા લાખો ડોલર દર વર્ષે ખર્ચ કરે છે MTA પર આ પ્રચાર - પ્રસાર માટે ખુબ સરસ પધ્ધતિ છે અને સૌથી વધારે તો ખલિફાએ વક્ત સાથે સંબધનો જરીયો છે માતા-પિતાએ આગળની પેઢી સંભાળવી છે તો પોતે પણ ખલિફાએ વક્તના પ્રોગ્રામો સાથે જોડાય અને બાળકોને પણ જોડે બીજા લોકો પણ મને અમુક વાર લખે છે કે આપનો ખુત્બો અથવા બીજો કોઈ પ્રોગ્રામ જોઈને અમને ધર્મની અસલ હકીકત માલુમ થઈ તો અહેમદીને તો ધર્મ શિખવાની અને સુધારણા માટે અને એક થવા માટે ખલિફાએ વકતના પ્રોગ્રામ સાથે જોડાવવાની ખુબ જરૂર છે જાપાની અહેમદીને પણ હું કહીશ કે ધર્મ શિખે અને પોતાના ઈમાનમાં તરક્કી કરે એ ન જુએ કે પેલો પૈદાઈશી અહેમદી અથવા જુનો અહેમદી કેવો છે જો તે ધર્મમાં

કમજોર છે તો આપ તેની હિદાયતનો માર્ગ બનો પહેલા પણ હું કહી ચુક્યો છું કે અલ્લાહ તઆલા કોઈનો સગો-સંબધી નથી. જે નેક અમલ કરશે. પોતાની ઈબાદતોના ધોરણો ઉંચા કરશે. અલ્લાહતઆલાની સહાયતા પછી તેની સાથે હશે. અલ્લાહ કરે કે પ્રત્યેક અહેમદી આ અસલને સામે રાખીને પોતાનું જીવન ગુજારે અને આ મસ્જીદ પ્રત્યેક અહેમદીના ઈમાનમાં પણ અને તેની અમલી હાલતમાં પણ એક ક્રાંતિ પેદા કરનાર બને માત્ર આરઝી શોખ અને જોશથી મસ્જીદ બનાવનાર ન થાય બલ્કે વાસ્તવિક રૂપમાં તેનો હક અદા કરનાર થાય.

મસ્જીદના અમુક કવાઈફ પણ હું પેશ કરી દઉ છુ. મસ્જીદની આ જમીન તેનો કુલ ક્ષેફળ હઝાર ચોરસ મીટર છે. બે માળની ઈમારત છે આ વિસ્તારની મેન રોડ પર છે આ રોડ જે છે તે વિસ્તારની બધી મોટી રોડ આપસમાં મળે છે હાઈવેની એકઝીટ ની બિલકુલ નજીક છે પાસે જ રેલ્વે સ્ટેશન છે આ રેલ્વે સ્ટેશનથી Nagoya ના ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી સીધી ટ્રેન જાય છે આ પ્રમાણે પણ તેને ખુબ સહુલીયત છે મસ્જીદનું નામ બૈતુલ અહદ મેં રાખ્યું છે અહીંયા તબર્રુક માટે મસ્જીદ મુબારક કાદીયાન અને દારૂલ મસીહની ઈંટો પણ સ્થાપેલી છે ઈમારતની પહેલી મંઝીલ પર મસ્જીદનો મેંન હોલ છે જ્યાં પાંચસો થી વધારે નમાઝીઓ આવી શકે છે અને ઉપરની મંજીલમાં લજના હોલ છે અને અગાસી છે જ્યાં પ્રોગ્રામ પણ કરી શકાય છે અને તેને સાંમેલ કરી લઈએ તો એક સમયમાં સાત - આઠસો નમાઝી નમાઝ અદા કરી શકે છે અને બીજી મંઝીલમાં દફતર પણ છે, લાઈબ્રેરી છે, નાનો લજના હોલ છે, મુરબ્બી હાઉસ છે, ગેસ્ટ-રૂમ છે અને આ મસ્જીદની ઈમારત ખરીદી હતી પરંતુ પાછળથી તેમાં પરિવર્તન કરવામાં આવ્યું જેના કારણે તેના ચારે બાજુ મિનારા પણ બનાવ્યા અને ઘુંમટ પણ બનાવ્યો અને આ રોડ પર હોવાથી લોકોનું ધ્યાન ખેચવાનો મોટું કેંન્દ્ર બનેલ છે આ મસ્જીદ ન માત્ર જાપાન બલ્કે ઉત્તર પૂર્વીય એશિયાઈ દેશો જે છે ચીન, કોરીયા, હોંગકોંગ, તાઈવાન વગેરેમાં જમાઅતની પ્રથમ મસ્જીદ છે અલ્લાહતઆલા આને બાકી જગ્યાએ પણ માર્ગ ખોલવાનો જરીયો બનાવે અને ત્યાં પણ જમાઅત તરક્કી અને મસ્જીદો બનાવનાર બને.

આ ઈમારત ખરીદીને તેને મસ્જીદમાં પરિવર્તીત કર્યુ જુન ૨૦૧૩ માં આ ઈમારત ખરીદી હતી. અને તેમાં લગભગ તેર કરોડ ઈઠ્યોતેર લાખની રકમ ખર્ચ થઈ છે આ લગભગ બાર લાખ ડોલર જેટલા બની જાય છે તેમાથી લગભગ થોડુંક તો મરકઝ ની ગ્રાન્ટમાંથી હતુ બાકી અહીંની નાની જમાઅત એ મોટી કુરબાની કરીને આ મસ્જીદના નિર્માણમાં ભાગ લીધો છે અલ્લાહતઆલા તે તમામ ને એનો બદલો આપે. આ વિશે અમુક મોટી કુરબાનીની જ્યારે ઘોષણા થઈ મસ્જીદ બનાવવા બાબતે તો એક અહેમદી કહે છે કે જ્યારે તેમને સેકેટ્રી માલએ તહેરીક કરી તો તે અહેમદી તેમને પોતાની સાથે ઘરે લઈ ગયા અને જે કઈ છે હું પેશ કરી દઈશ. તેમની પત્ની જાપાની છે જ્યારે તે ઘરે ગયા અને ચંદાની વાત કરી તો તેમણે અનેક ડબ્બાઓ સામે મુકી દીધા અને જ્યારે તેમાંથી રકમ કાઢવામાં આવી તો બધી વસ્તું લગભગ દસ હઝાર ડોલરની થઈ તેવીજ રીતે સદર સાહેબ જાપાનએ એ પણ લખ્યું કે અમુક લોકો એવા હતા કે વધારે નહી આપી શકે પરંતુ તેમણે પોતાના ખર્ચા ઓછા કરીને અલ્લાહતઆલાના ઘરના નિર્માણ માટે કુરબાનીની સઆદત મેળવી અને એક સમયમાં જે રકમ તેમણે આપવી હતી કે તેમા પણ બે અઢી લાખ ડોલરની કમી આવી રહી હતી પરંતુ લોકોએ મોટી કુરબાની આપીને તકલીફ વેઠીને આ રકમ અદા કરી જે પહેલા આપી ચુકયા હતા તેમણે પણ પુરી કૌશિશ કરી અને જે કઈ હતુ લાવીને આપ્યું અને આ રીતે લગભગ સાત-આઠ લાખ ડોલર

જમા થઈ ગયા. એક નવ જુવાન વિદ્યાર્થી પાર્ટટાઈમ જોબ કરી રહ્યો છે એસી હઝાર યેન પગાર મળે છે તેમાંથી દર મહિને પચ્ચાસ હજાર યેન મસ્જીદ માટે અત્યાર સુધી પેશ કરવાની તૌફીક મળી છે અથવા રિપોર્ટ હતી તે સમય સુધી આપતા રહ્યા. અહેમદી બાળકો છે મોટી કુરબાની કરનાર, પોતાની જેબ ખર્ચમાંથી મસ્જીદ માટે ચંદો આપતા રહ્યા બાળકોમાં સૌથી વધારે કુરબાની એક બાળકીએ કરી છે જેણે અનેક કરન્સીઓ ની સુરતમાં અમુક સમયમાં જે તેને તોહફાઓ મળતા રહ્યા તે રકમ તેણે જમા કરી હતી નવ હઝાર ડોલર લગભગ બની તેણે પેશ કરી દીધી. અહેમદી સ્ત્રીઓએ પણ મોટી કુરબાનીઓ કરી. પોતાના ઘરેણાં આપીને એક સ્ત્રીએતો પોતાની ચોવીસ ચુડીઓ આપી દીધી. પછી એક સ્ત્રીએ પોતાના ઘરેણાં તેની માતા તરફથી મળેલા હતા તે આપી દીધા એક સ્ત્રી જે પાકિસ્તાનથી આવી છે તેમણે પોતાના ઘરેણાનો નવો સેટ મસ્જીદ માટે આપી દીધો જે તેમણે જાન્યુઆરી માંજ પોતાની છોકરીના લગ્ન માટે ખરીદી હતો. અલ્લાહતઆલા તે તમામ કુરબાની કરનારને નવાઝે. તેમના માલમાં બરકત આપે તેમને ઈમાનમાં વધારે અને બધાને આ મસ્જીદ જ્યાં તેમની ઈબાદતના ધોરણો ઉંચા કરે ત્યાં આપસમાં પ્રેમ, મહોબ્બતમાં વધનાર બને આ પ્રેમ, મહોબ્બત જોઈને બીજાને પણ આ તરફ ધ્યાન પૈદા થાય.

બીજા લોકો એ પણ ખુબ પ્રેમ જાહેર કર્યો એક જાપાની મિત્રએ પોતાનો એક ત્રણ મંઝીલનો ઘર જમાઅતને પેશ કરી દીધો કે આપણા મહેમાન તેમાં રાખે. તેવી જ રીતે મસ્જીદના પાડોશીને જ્યારે માલુમ થયુ કે અહીંયા મસ્જીદના ઉદ્‌ઘાટન માટે અનેક મહેમાન આવનાર છે તો તેમણે જમાઅત માટે પાર્કીંગની જગ્યા આપી દીધી આમતો જાપાની લોકો કોઈ પણ ઈમારતનાં ઉદ્‌ઘાટન સમયે તે ઈમારતને કિંમતી ફુલોથી સજાવે છે જ્યારે બે જાપાની મિત્રોને માલુમ થયુ કે જાપાનની જમાઅત અહેમદીયાની મસ્જીદનું ઉદ્‌ઘાટન થઈ રહ્યું છે તો તેમણે કહ્યું કે મસ્જીદના ઉદ્‌ઘાટન સમયે મસ્જીદને ફુલોથી સજાવવા ચાહે છે આમ તેમણે પુરી મદદ કરી મસ્જીદની રજીસ્ટ્રેશન એક ગૈર મુસ્લીમ વકીલની સહાયતા વિશે પણ બયાન કરું તેમણે મોટુ કામ કર્યું છે તેઓ કાનુની કરતા રહ્યા. ઈકયોનજીમાં સાહેબ એ નિઃસ્વાર્થ રીતે મદદ કરી. તેમના કામની ફિસ વિસ હઝાર ડોલર જેવી બને છે પરંતુ તેમનું કહેવુ છે કે જમાઅત અહેમદીયાના જાપાન પર અહેસાનો છે તેના બદલે હું ફિસ લીધા વગર કરીશ આમ, તેમણે કોઈ ફિસ ન લીધી. અખબાર અને મિડીયામાં તેનું વર્ણન છે જેવુ કે હું શરૂઆતમાં કહી ચુક્યો છુ કે તમામ મોટો અખબારોમાં અને ટીવી ચેનલો દ્વારા પરિચય થઈ ચુકયો છે.

આમ જમાઅતે અહેમદીયાનો બીજા લોકો પર આ અસર છે કે અમન તથા સલામતી ફેલાવનાર ઈસ્લામના પ્રતિનિધિ છે માનવજાતિની સેવા કરે છે તેને કાયમ રાખવું અને આ અસર વધારવું અહીયા રહેનાર પ્રત્યેક અહેમદીનું કાર્ય છે અલ્લાહતઆલા બધાને તેની તૌફીક આપે. આ હકીકતને પ્રત્યેક અહેમદી ફેલાવનાર બને ઈસ્લામ પ્રેમ અને સલામતીનો ધર્મ છે અને અમારી મસ્જીદો આની Symbol છે. જેથી આ કોંમમાં ઈસ્લામનો વાસ્તવિક પૈગામ ફૈલાવવાના માર્ગ પહોળા થતા જાય અને આ કોંમ પણ તે ખુશનસીબીમાં સામેલ થઈ જાય જે પોતાના પૈદા કરનારને ઓળખનાર અને આંહઝરત (સ.અ.વ.) ના મુકામને સમજનાર બને...........આમીન...........

**BOOK POST (PRINTED MATTER)**

**To, ...........................................................................................................**